# મેઘનાની મહાનતા



મેઘના ગરીબ હતી. તેણે એસ.એસ.સી.. સુધી અભ્યાસ કર્યો હતો. તેના પિતા અભણ હોવાથી તેઓ વિવિધ પુસ્તકો, દૈનિક પેપર, નોટબુક વગેરે ઘેરઘેર ફરીને વેચતા. મેઘના ઘરમાં થોડું ઘણું સિલાઈ કામ કરતી. એક દિવસ મેઘનાએ તેના પિતાના ઉદાસ ચહેરાને જોઈને પૂછયું, 'પપ્પા, કેમ આજે તમે ઉદાસ લાગો છો ? શું થયું છે ?'

મેઘનાના પિતાએ કહ્યું – 'બેટા, હવે પુસ્તકો, નોટબુક સ્ટેશનરી વગેરેનાં વેચાણનાં કામમાં મંદી ચાલે છે. સારૂ વેચાણ થતું નથી. કમાણી પણ ઓછી થાય છે. શું કરૂં ? કાંઈ સમજાતું નથી.'

મેઘનામાં સમજદારી હતી. તેણે તેના પિતાને કહ્યું- “પપ્પા, તમે ચિંતા ન કરશો. તમે ઘેર ઘેર પુસ્તકો વેચવા જાઓ છો તેનાં કરતાં દરેક શાળાઓ, મેળા, એસ.ટી. સ્ટેન્ડ, રેલવે સ્ટેશન વગેરે જગ્યાએ જ્યાં લોકોની અવરજવર હોય ત્યાં તમે પુસ્તકો વેચવા જશો તો વધુ આવક થશે. મેઘનાની આ વાત સાંભળીને મેઘનાના પિતાને હિંમત મળી, આશ્વાસન મળ્યું, ઉત્સાહ વધ્યો.'

બીજા દિવસે મેઘનાની સૂચના પ્રમાણે તેઓ એસ.ટી.સ્ટેન્ડ, શાળા, મેળાના વિસ્તારમાં ગયા. તે સ્થળે ખરેખર તેનું વેચાણ અને નફો વધતાં મેઘનાના પિતા ખૂબ ખુશ થયા. ઘરે આવીને તેમણે મેઘનાને કહ્યું –'બેટા, તારી વાત સાચી છે હું તારા કહેવા પ્રમાણે જ્યાં વધુ ભીડ હોય ત્યાં ગયો અને મારા તમામ પુસ્તકો ફટાફટ વેચાતાં હું ઘણું સારૂ કમાયો છું. શાબાશ, મને તારી સમજદારી પ્રત્યે ગર્વ છે.' તેમ કહી તે દીકરીને ભેટી પડયા.

થોડા સમય બાદ મેઘનાનું પણ સિલાઈ કામ વધતાં તેનાં પિતાએ પૂછયું – 'બેટા સિલાઈનું કામ કેવી રીતે વધી ગયું ?' મેઘનાએ કહ્યું – 'પપ્પા હવે હું ઘરે બેસીને નહિ, પણ આપણા વિસ્તારના દરજીઓને ત્યાં જઈને કામ લાવું છું. મારી કમાણી પણ વધશે. હવે આપણી

ગરીબી દૂર થશે. મહેનતુ તેમજ સમજદાર લોકો હંમેશા સારૂ કમાતાં હોય છે.' મેઘનાના પિતાની આંખોમાં હર્ષનાં અશ્રુઓ છલકાયાં. તેમણે કહ્યું, 'બેટા , ખરેખર તારી વાત સાચી છે. તારી સમજદારી અને મહેનત અચૂક આપણને સુખી કરશે. પ્રગતિ અને ઉન્નતિ આપણી અવશ્ય થશે.'

મિત્રો- શારીરિક મહેનતની સાથે સાથે થોડી સમજદારી રાખવામાં આવે તો અવશ્ય સફળતા મળતી હોય છે. ઉન્નતિ સામેથી આપણી નજીક આવીને આપણા કદમ ચૂમે છે.

લેખક : સતીશ ભુરાની